શહેરમાં વિશ્વ ચકલી દિવસની ઉત્સાહપૂર્ણ ઉજવણી

પર્યાવરણ પ્રેમી સંસ્થાઓએ ચકલીના માળા અને માટીના કુંડાની પક્ષી પરબોનું વિના મૂલ્યે વિતરણ કર્યુ

ધીનગર, તા. ૨૦ પ્રકૃતિંપ્રેમી શહેરીજનોના ગાંધીનગર શહેરમાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી ભારે ઉત્સાહપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી. પર્યાવરણ માટે જાગૃત નાગરિકોની મોટી સંખ્યા ધરાવતાં પાટનગરમાં આજે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે અનેક સ્થળે વિવિધ સંસ્થાઓ દ્વારા ચકલીના માળા અને માટીના કુંડાની પક્ષી પરબોનું વિના મૂલ્યે યોજાયું હતું. આ કાર્ય વિવિધ પર્યાવરણ પ્રેમી અને જીવદયા પ્રેમી સંસ્થાઓ દ્વારા શહેરના વિવિધ સ્થળે હાથ ધરાયું હતું. આ સાથે દરેક સંસ્થાના સ્વયંસેવકો દ્વારા ચકલી તેમજ તેના જેવા નાબા કદના પક્ષીઓના રક્ષણ અને સંવર્ધન માટે જાહેર જનતાને માર્ગદર્શન આપવા સાથે અપીલ કરવામાં આવી હતી.

હેપ્પી યુથ ક્લબના "હેપ્પી સ્પેરો વિક-૨૦૨૩"નો પ્રારંભ

ગાંધીનગરમાં હેપ્પી યુથ ક્લબ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ''હેપ્પી સ્પેરો વીક-૨૦૨૩''નું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત આજે સેક્ટર-૧૬માં પાટનગર યોજના ભવન સામે હેપ્પી ચકલી ઘરનુ વિના મૂલ્યે વિતરણ કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હેપ્પી યુથ ક્લબ દ્વારા "હેપ્પી સ્પેરો વીક-૨૦૨૩"નો પ્રારંભ તા. ૧૯મી માર્ચથી કરાયો

હતો જે તા.૩૧મી માર્ચ સુધી ઉજવાશે જેમાં શહેરમાં આશરે ૫ હજાર કરતા વધુ હેપ્પી ચકલી ઘરનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. હવે આગામી દિવસોમાં તા.૨૧મી માર્ચ, મંગળવારે સરગાસણ ટીપી-૯ ખાતે શ્રી નીલકંઠ મહાદેવ(હડમતિયા) મંદિર ખાતે, તા.૨૨મી માર્ચ, બુધવારે કુડાસણમાં સરદાર સર્કલ પાસે, તા.૨૩મી માર્ચ, ગુરુવારે સેક્ટર-૨૪માં ગોપાલ ડેરી પાસે જન ઔષધી કેન્દ્ર ખાતે, તા.૨૪મી માર્ચ, શુક્રવારે વાવોલમાં શાંતિનગર સોસાયટી પાસે જોગણી માતાના મંદિર ખાતે, તા.૨૫મી માર્ચ, શનિવારે કુડાસણમાં પ્રતિક મોલમાં રાજવી ફૂડ કોર્નર ખાતે, તા.૨૬મી માર્ચ, રવિવારે સેક્ટર-૧માં ગાયત્રી મંદિર પાસે, તા.૨૭મી માર્ચ, સોમવારે સેક્ટર-૪માં ઓમકારેશ્વર મંદિર પાસે, તા.૨૮મી માર્ચ, મંગળવારે પેથાપુરમાં સોમનાથ સોસાયટી પાસે, તા.૨૯મી માર્ચ, બુધવારે સેક્ટર-૧૪માં ગુપ્તા કોમ્પ્લેક્સ પાસે, તા.૩૦મી માર્ચ, ગુરુવારે સેક્ટર-૨૯માં શ્રી જલારામ ધામ ખાતે અને તા.૩૧મી માર્ચ, શુક્રવારે સેક્ટર-૨માં સ્વામિનારાયણ મંદિર પાસે હેપ્પી ચકલી ઘરનું વિના મૂલ્યે વિતરણ યોજાશે.

ઈસીડીસીનું ચકલીના માળા અને પાણીના કુંડા વિતરણ

ગાંધીનગરમાં તા.૨૦ માર્ચ વિશ્વ ચકલી દિવસ નિમિત્તે એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જુના સચિવાલય પાસે જિલ્લા પંચાયત ઓફિસની સામે બસ

સ્ટેન્ડ પોઈન્ટ વિના મૂલ્યે ચકલીના માળા પાણીના કુંડા વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ચીફ મિનિસ્ટર ઓફિસના જોઈન્ટ સેક્રેટરી જેપી મોઢાના હસ્તે જીવદયાના કાર્યનો શુભારંભ કરાવવામાં આવ્યો અને અન્ય ઉપસ્થિત દરેક જીવદયા પ્રેમી મિત્રોએ આ કાર્યમાં સહયોગ આપ્યો હતો.

પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટનું કુંડા-ચકલી ઘર વિતરણ

ગાંધીનગરની પ્રકૃતિ પ્રેમી અને જીવદયા પ્રેમી સંસ્થા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા આજે તા.૨૦મી માર્ચ વિશ્વ ચકલી દિવસ નિમિત્તે દરવર્ષની જેમ આ વર્ષે પણ શહેરના સેક્ટર-૨૨માં ૧૭/૨૨ પાસેના જૈન દેરાસર નજીક આગામી ઉનાળાને અનુલક્ષીને પક્ષીઓ માટે પાણી પીવાની વ્યવસ્થા હેતુસર માટીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં

આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૧ હજાર જેટલાં માટીના કુંડાનું વિતરણ કરાયું હતું.

સમ્યક યુવા ફાઉન્ડેશનનું ચકલીના માળા-કુંડા વિતરણ

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ગાંધીનગરના સમ્યક યુવા ફાઉન્ડેશન દ્વારા આજે સવારે ૯ થી ૧૦ વાગ્યા દરમ્યાન સેક્ટર-૪એમાં ઓમકારેશ્વર મંદિર ખાતે વિના મૂલ્યે ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ

કરવામાં આવ્યું હતું, જેમાં નગરજનોએ બોહળા પ્રમાણમાં લ્હાવો લીધો હતો, શહેરીજનો પ્રકૃતિ પ્રત્યે ઉત્સાહ જોઈ પ્રકૃતિ પ્રેમીઓએ આનંદ લાગણી અનુભવી હતી. સમ્યક યુવા ફાઉન્ડેશન ના સભ્યો જીજ્ઞેશ જાદવ, ટેનિષભાઈ મકવાણા, હિરેનભાઈ રૂપાલા, ઈન્દ્રવદનભાઈ ગાંધી, વિવેકભાઈ પરમાર, મહેન્દ્રભાઈ સોનારા, રાજેન્દ્ર કાકાના શ્રમદાનથી સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો.

ધો -૧૨માં ગણિતનુ પેપર સરળ : વિદ્યાર્થીઓમાં હાશ : ૧૭ પરીક્ષાર્થીઓની હાજરી ઘટી

દાખલા અને એમ સી ક્યુ પાઠયપુસ્તક આધારિત અને અપેક્ષા મુજબના પુછાયા : પ્રતિક પંડયા

ગાંધીનગર તા ૨૦ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ વિજ્ઞાનના અઘરા પ્રશ્નપત્ર બાદ બાયોલોજીનુ પેપર પ્રમાણમાં સરળ રહ્યુ હતુ. જયારે આજે ધો -૧૨ના વિદ્યાર્થીઓ ગણિતના મહત્વના વિષયની પરીક્ષા આપી હતી જેમાં જિલ્લામાંથી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જયારે પરીક્ષાર્થીઓની હાજરી ઘટી હતી. આ અંગે કિશોર ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત પ્રતિક પંડયાએ જણાંવ્યુ હતુ કે ગણિતનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. પેપરમાં ૫૦ એમ સી ક્યુ પાઠયપુસ્તક આધારિત પુછાયા હતા. જયારે જયારે વિભાગ બી માં દાખલા પણ વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યા હતા. રસાયણ વિજ્ઞાનની કપરી કસોટીના અંતે ગણિતનુ પેપર કેવુ નિકળશે તેની સતત ચિંતા પરીક્ષાર્થીઓમાં ઉદભવી હતી જો કે સરળ પ્રશ્નપત્રના લીધે વિદ્યાર્થીઓની ચિંતા હળવી થઈ ગઈ હતી. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં હવે અંગ્રેજી કોમ્પ્યુટર અને સંસ્કૃત વિષયની પરીક્ષા બાકી રહેશે જયારે ત્યારબાદ વિદ્યાર્થીઓ એપ્રિલમાં ગુજસેટની પરીક્ષાની અનુલક્ષી તૈયારીમાં લાગી જશે વસાવડા ગૃપ ટયુશનના ચિરાયુ વસાવડાએ પણ જણાંવ્યુ હતુ કે પેપર વિદ્યાર્થીઓની અપેક્ષા મુજબ હતુ. તમામ દાખલાઓ પાઠયપુસ્તક આધારિત અને સરળ રહેતા વિદ્યાર્થીઓને મજા પડી ગઈ હતી. જિલ્લામાંથી કુલ ૧૯૨૭ વિદ્યાર્થીઓ પૈકી ૧૯૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૧૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

સા. પ્રવાહમાં વાણિજય અને અર્થ વ્યવસ્થાનુ પેપર સરળ : ૭૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા

ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં આજે વિદ્યાર્થીઓએ વાણિજ્ય અને અર્થ વ્યવસ્થા વિષયની પરીક્ષા આપી હતી. ગાંધીનગર જિલ્લામાંથી નોંધાયેલા ૬૯૮૦ વિદ્યાર્થીઓ પૈકી ૬૯૦૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે ૭૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા. સામાન્ય પ્રવાહમાં વાણિજય અને અર્થ વ્યવસ્થાનુ પેપર પાઠય પુસ્તક આધારિત હતુ જેમાં સ્વાધ્યાયના પ્રશ્નોને વધુ મહત્વ આપવામાં આવ્યુ હતુ. આ અંગે માહી કાર્મસ ઝોનના વિષય નિષ્ણાંત દશરથસિંહ ખેરના મતે પેપરમાં વિભાગ અ અને બ ખુબ જ સરળ રહ્યા હતા જયારે વિભાગ ઈ અને ડી માં મહત્વના પ્રશ્નોનુ પુનરાવર્તન થયુ હતુ. ગ્રાહક સુરક્ષાની જવાબદારીઓ માસ્લોની જરૂરિયાતોનો અગ્રતાક્રમ જેવા પ્રશ્નો ઉપરાંત સેકશન ડી માં સેબીના કાર્યો વૈધિક વ્યવસ્થાતંત્રની લાક્ષણિકતા પાઠયપુસ્તકમાંથી પુછાયો હતો. વિદ્યાર્થીઓ સ્કોર કરી શકે તે મુજબનુ પેપર હતુ.

ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના

રાજ્ય સરકાર સાથે પાંચ શ્રેણીમાં રૂ. ૭૯,૩૭૫ કરોડના ૫૬ એમઓયુ

ઉદ્યોગોથી ૫૪,૭૩૧ થી વધુની સૂચિત રોજગારીની તકો મળશે

ગાંધીનગર, તા.૨૦ 'આત્મનિર્ભર ભારત'નો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલો કોલ આત્મનિર્ભર ગુજરાતના નિર્માણથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સાકાર કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણની આ પ્રતિબદ્ધતામાં રાજ્ય સરકારે ઓક્ટોબર-૨૦૨૨ માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જાહેર કરેલી ''ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ'' મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આ યોજના અન્વયે રાજ્યમાં જુદા જુદા સ્થળોએ ઉદ્યોગ શરૂ કરવા માટે વિવિધ ઉદ્યોગકારો અને રાજ્ય સરકાર વચ્ચે દર સપ્તાહના પ્રથમ દિવસ એટલે કે સોમવારે એમઓયુ કરવાનો નવતર ઉપક્રમ યોજાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ ઉપક્રમના પાંચ તબક્કાઓ પૂર્ણ થયા છે અને કુલ ૫૬ જેટલા એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આના પરિણામે ગુજરાતમાં કુલ ૭૯,૩૭૫ કરોડ રૂપિયાનું સૂચિત મૂડીરોકાણ આકર્ષિત થયું છે. એટલું જ નહિ, આ ઉદ્યોગો શરૂ થવાથી ૫૪,૭૩૦ જેટલા લોકોને રોજગાર અવસર પણ આવનારા દિવસોમાં મળતા થશે. ''ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્ટસ ટુ ઈન્ડસ્ટ્રીઝ''ને વધુ ગતિ આપતાં આ સોમવારે તા.૨૦મી માર્ચે એક જ દિવસમાં ૨૦ એમઓયુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ વિવિધ ઉદ્યોગકારોએ કર્યા હતા. નાણાં-ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ અને ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતીમાં થયેલા આ ૨૦ એમઓયુ દ્વારા રાજ્યમાં રૂ. ૧૧,૮૨૦ કરોડનું સૂચિત રોકાણ આવશે અને ૧૬,૧૦૦ જેટલી સંભવિત રોજગારીનું સર્જન થશે. આ બહુવિધ એમઓયુ અન્વયે લિથીયમ-આયન બેટરી મટિરીયલ્સ એન્ડ એડવાન્સ ફાર્મા ઈન્ટરમીડીયેટ, ડેન્સ સોડા એશ, ફૂડ પ્રોસેસિંગ, સ્પેશયાલિટી કેમિકલ્સ, API, ક્રાફટ એન્ડ ડૂપ્લેક્સ પેપર-બોર્ડ, પર્સનલ કેર માટેની સ્પેશયાલિટી પ્રોડક્ટસ વગેરે ક્ષેત્રોના ઉદ્યોગોમાં રોકાણો આવશે.

રાજ્યમાં કોરોનાના નવા ૧૧૮ કેસ નોંધાયા

કેસમાં બે દિવસથી સતત ઘટાડો નોંધાયો : અમદાવાદમાં સૌથી વધુ કોરોનાના ૫૨ કેસ

અમદાવાદ, તા.૨૦ ગુજરાતમાં કોરોના વાયરસના નવા ૧૧૮ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૫૨ કેસ નોંધાયા છે. જયારે ૪૮ દર્દીઓને રજા આપવામાં આવી છે. કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી ગુજરાતીઓએ ફરીથી સાવધાન રહેવાની જરૂર છે અને જો કોઈપણ લક્ષણ દેખાય તો તાત્કાલિક તેની સારવાર કરાવવી જોઈએ.

આમ, સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૧૧૮ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૪૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૮૧૦ એક્ટિવ કેસ છે.

જ્યારે એકપણ દર્દીનું મોત નીપજયું નથી. આ ઉપરાંત ૫ જેટલા દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. જ્યારે ૮૦૫ દર્દીની તબિયત સ્થિર છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧,૦૪૭ દર્દીના મોત નીપજ્યા છે. તો ૧૨ લાખથી વધુ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગત ૧૧મી માર્ચે પણ કોરોના વાયરસના ૫૧ કેસ નોંધાયા હતા. ત્યારે અમદાવાદમાં ૩૦થી વધુ કેસ નોંધાયા હતા. તો વળી, ૧૪મી માર્ચે ૫૮ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ૧૫મી માર્ચે ૯૧ કેસ નોંધાયા હતા. ૧૬મી માર્ચે ૧૧૯ કેસ અને ૧૭મી માર્ચે ૧૨૧ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ૧૮મી માર્ચે ૧૭૯ કેસ નોંધાયા હતા. ૧૯મી માર્ચે ૧૩૩ કેસ નોંધાયા હતા.

સે.૨ તરફના ગરનાળા પાસેના રીફલેક્ટર મિરર ગાયબ થવાથી અકસ્માતનું જોખમ

ગાંધીનગર, તા. ૨૦ ગાંધીનગરના ઘ-૦ ઈન્ફોસીટી ઓવર બ્રીજના નીચે ઈન્ફોસીટીમાંથી સેક્ટર-૨માં જવા ગરનાળું બનાવવામાં આવ્યું છે. બીજી તરફ એસજી હાઈવે પર અમદાવાદ તરફથી આવતા વાહનો પૈકી સેક્ટર-૨ તરફ જતાં વાહનો પુલ પરથી નીચે આવે છે તથા પુલની નીચેની સાઈડના સર્વિસ રોડ ઉપર ઘ-૦ તરફથી ચ-૦ તરફ આવતા વાહનો પસાર થાય છે. આ ત્રણેય બાજુના વહનો એક જ જગ્યાએ ગરનાળાના સે.૨ તરફના મુખ આગળ એકઠાં થાય છે. આથી ઓવર બ્રીજ ઉપરથી નીચે ઉતરીને સેક્ટર-૨ તરફ જવા માંગતા વાહનો અને નીચેના રોડ ઉપરથી પસાર થનાર વાહનો સાથે અકસ્માત ન થાય તે માટે તંત્ર દ્વારા ગરનાળા પાસે રીફલેકટર મિરર મુકવામાં આવ્યાં હતા પરંતુ હાલ આ રીફલેકટર મિરર ઉપરના કાચ જ અદ્રશ્ય થઈ ગયા છે જેના કારણે પુલ પરથી ઉતરતા વાહન ચાલકોને ઘ-૦ તરફથી આવતાં વાહનો અંગે જોવામાં તકલીફ પડે છે અને આ કારણે અહીં અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

સત્વરે તંત્ર કોઈ મોટો અકસ્માત થાય તે પહેલાં આ રીફલેકટર મિરર દુરસ્ત કરાવે તેવી આ વિસ્તારની જનતામાં લાગણી પ્રવર્તી રહી છે.

શ્રમિકોના કલ્યાણ અને હિતોના રક્ષણ માટે સરકાર કટીબદ્ધ

શ્રમિકોના વેતનમાં સૌ પ્રથમ વખત ૨૫ ટકા જેટલો માતબર વધારો

ગાંધીનગર, તા.૨૦ શ્રમ રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે કહ્યું કે, શ્રમિકોનું સ્વાસ્થ્ય, શિક્ષણ અને સુરક્ષા રાજ્ય સરકારની હંમેશા પ્રાથમિકતા રહી છે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૪થી લઘુત્તમ વેતનના પ્રવર્તમાન દરની સમીક્ષા કરી છે. ઉપરાંત રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિમર્શ કરીને લઘુત્તમ વેતનના દર સુધારવાનું નક્કી કર્યું છે. લઘુત્તમ વેતન ધારા હેઠળની અનૂસુચિ પૈકીના ૪૬ વ્યવસાયો સંદર્ભે જણાવતાં મંત્રીએ ઉમેર્યું કે, રાજયમાં શ્રમિકોના લઘુત્તમ વેતન અંગે રાજ્ય સરકારને સલાહ આપવા માટે ગુજરાત રાજ્ય લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડની રચના કરવામાં આવી છે.

આ બોર્ડની ભલામણો ઉપર પુખ્ત વિચારણા કરીને સુધારો કરવામાં આવ્યો છે. લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ જુદા જુદા ૪૬ વ્યવસાયના લઘુત્તમ વેતનદરોમાં હાલ કુશળ શ્રમિકને કાર્પોરેશન વિસ્તારો તથા નગરપાલિકાઓ અને સ્થાનિક સત્તામંડળ હેઠળના વિસ્તારોમાં માસિક વેતન રૂા.૯,૮૮૭.૮૦/- મળે છે. તેના સ્થાને માસિક વેતન રૂ.૧૨,૩૨૪/- મળશે. આમ થવાથી શ્રમિકના માસિક વેતનમાં રૂા.૨,૪૩૬.૨૦ નો વધારો એટલે કે ૨૪.૬૩ ટકાનો વધારો થશે.

ગુજરાતની અગ્રણી હોસ્પિટલ ચેઈન સ્ટર્લિંગ હોસ્પિટલ્સે તેનો નવો લોગો લોંચ કર્યો

અમદાવાદ, ૧૮ ગુજરાતની અગ્રણી સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ્સ ચેઈન પૈકીની એક સ્ટર્લિંગ હોસ્પિટલ્સે અમદાવાદમાં તેની ગુરૂકુલ ખાતેની સુવિધામાં તેના નવા લોગોનું અનાવરણ કર્યું હતું. ડો. સિમરદીપ ગિલ (એમડી અને સીઈઓ) તથા સ્ટર્લિંગ હોસ્પિટલ્સ સાથે બે દાયકાથી વધુ સમયથી જોડાયેલા ડો. સુધીર વી. શાહ (ન્યુરોલોજીસ્ટ), ડો. સોમેશ ચંદ્રા (ઓન્કો સર્જન), ડો. સોનલ દલાલ (નેફ્રોલોજીસ્ટ), કામિની જોષી (નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ) અને અનિલ પટેલ (ચીફ ટેક્નિશિયન અને કોર્પોરેટ આરએસઓ) સહિતના ટોચના પ્રોફેશ્નલ્સની ઉપસ્થિતિમાં નવા લોગોનું અનાવરણ કરાયું હતું. નવા લોગોનો ઉદ્દેશ્ય સ્ટર્લિંગ હોસ્પિટલ્સના મૂળ સિદ્ધાંતો અને સંદેશાની સાથે-સાથે હેલ્થકેર સુવિધાઓમાં ઉત્કૃષ્ટતાની તેની ખાતરીનો પ્રસાર કરવાનો છે. અમદાવાદની સાથે નવા બ્રાન્ડિંગ અને લોગોનું અનાવરણ હોસ્પિટલની વડોદરા, રાજકોટ અને ગાંધીધામ ખાતેની સુવિધાઓમાં પણ કરાયું હતું. સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદમાં બે દાયકાથી વધુ સમયથી હેલ્થકેર ક્ષેત્રે અગ્રેસર છે. નવા બ્રાન્ડિંગ સાથે હોસ્પિટલ વ્યાપક હેલ્થકેર સુવિધાઓ પ્રદાન કરવા ઉપર તેનું ધ્યાન જાળવી રાખશે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સ તમામ વ્યક્તિઓ માટે અનુકૂળ અને વાજબી કેર પ્રદાન કરવા સાથે ક્લિનિકલ શ્રેષ્ઠતાને પ્રાથમિકતા આપવાનું જાળવી રાખશે. હોસ્પિટલનું સમકાલીન અને આધુનિક માળખું સર્વગ્રાહી છતાં વ્યાપક પ્રાઈમરી, સેકન્ડરી અને સુપરસ્પેશિયલાઈઝ્ડ ટર્શરી કેર પૂરી પાડવા માટે વિકસિત કરાયું છે.

અમારી બ્રાન્ડમાં પરિવર્તન અને તમારા આરોગ્ય પ્રત્યે અમારી કટીબદ્ધતાને મજબૂત કરવાના સિદ્ધાંત ઉપર નવું બ્રાન્ડિંગ અને લોગો આધારિત છે.

નિર્ણયો લેવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં છેલ્લા થોડાક દિવસથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન અને સફાઈની કામગીરી પર થયેલી અસરોનો પડઘો બેઠકમાં પડ્યો હતો. આજે આ અંગે નવા ટેન્ડરને શરતી મંજૂરી આપવામાં આવી છે. ભાવ વધારાને લઈ ચેરમેને એવી સ્પષ્ટતા કરી હતી કે ડિઝલ, પગાર ખર્ચમાં થયેલા વધારા સહિત ઘણી બધી બાબતોને ધ્યાને લઈ ભાવ વધારો મંજૂર કરાયો છે પણ શરતોએ લાદવામાં આવી છે. ૧૦૯ કિ.મી.ના મુખ્ય માર્ગોની સફાઈ પણ અસરકારક રીતે થાય તે જોવામાં આવશે. એટલુ જ નહિ ડોર ટુ ડોર કલેકશન માટે જતી ગાડીઓનું શિડ્યુલ્ડ બનાવી દેવાશે અને ૧૫ મિનિટથી વધારે મોડુ થશે તો પેનલ્ટી વસુલવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે અગાઉ કામગીરીને લઈ કરાયેલ પેનલ્ટીની વસુલાત માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

કરા પડ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. સતત બીજા દિવસે ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતર્યો હતો. મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી સુધી નીચે આવી ગયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રીએ રહ્યુ હતુ. આજે પણ સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૭૯ ટકા રહ્યુ હતુ. વાતાવરણ પલ્ટાની અસરથી છેલ્લા ચાર દિવસમાં ઠંડી ગરમીનો પારો ચાર ડીગ્રી ઉપર નીચે થયો છે. બીજીતરફ ત્રેવડી ઋતુની અસરથી જન આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. નગરમાં વિચિત્ર મોસમની અસરથી નગરજનો શરદી તાવ અને ઉધરસ સહીતની બિમારીઓના શિકાર બની રહ્યા છે. એકબાજુ કોવિડના કેસ પણ વધી રહ્યા છે. ત્યારે મોસમની આડઅસરથી બચવા માટે તબીબોએ પણ નગરજનોને સાવધાની દાખવવા માટે જણાંવ્યુ છે. ઉનાળામાં સતત વાતાવરણ પલ્ટાથી નગરજનો પરેશાન છે. ત્યારે હજુ પણ માર્ચના આગામી સપ્તાહમાં પણ માવઠાની અસર વર્તાશે તેમ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે.

ધો-૧૦માં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુરવાર થયુ હતુ. જો કે પેપર બલ્યુ પ્રિન્ટ આધારિત હતુ પરંતુ પ્રશ્નો થોડા અટપટા અને જવાબ આપવાનુ પણ લેન્ધી રહેતા વિદ્યાર્થીઓએ મુશ્કેલી અનુભવી હતી. પ્રશ્નપત્રમાં કુલ ૧૦ પ્રશ્નો આકૃતિવાળા પુછાતા કેટલાક વિદ્યાર્થીઓ માટે પેપર લેન્ધી પુરવાર થયુ હતુ. જયારે ભૌતિક વિજ્ઞાનના બે દાખલા, રસાયણવિજ્ઞાનના ૪ પ્રશ્નો સમીકરણવાળા પુછાતા વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. ધો -૧૦ માં ગુજરાતી થી લઈને અત્યાર સુધી સરળ પ્રશ્નપેપર નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો જયારે વિજ્ઞાનનુ પેપર અઘરુ ,અટપટુ અને લેન્ધી પુરવાર થતા પરિણામમાં સ્કોર કરવાનુ મુશ્કેલ બન્યુ છે. જો કે વિષયના અભ્યાસુ અને હોંશિયાર વિદ્યાર્થીઓએ સારા ગુણ આવશે તેવી આશા વ્યકત કરી છે. વિષયના અન્ય એક નિષ્ણાંત શિક્ષક સૌમિલ વસાવડાએ પણ આ અંગે જણાંવ્યુ હતુ કે વિજ્ઞાનનુ પેપર પ્રમાણમાં વિદ્યાર્થીઓ માટે લેન્ધી અને અટપટુ રહ્યુ હતુ આકૃતિ વાળા પ્રશ્નો વધુ પુછાયા હતા જો કે વિજ્ઞાનના પેપરમાં હોંશિયાર વિદ્યાર્થીઓ સારા ગુણ મેળવી શકે તેવુ હતુ. જિલ્લામાંથી નોંધાયેલા ૨૫૪૦૨ વિદ્યાર્થીઓ પૈકી ૨૪૮૯૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા જયારે ૫૦૯ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી.

વિધાનસભામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જી.એમ.ઈ.આર.એસ. કોલેજોના મંજૂર મહેકમ અને ખાલી જગ્યાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજમાં ૧૮૨નું મંજૂર મહેકમ છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે મંજૂર થયેલ મહેકમ સામે હાલ ૫૦ જગ્યાઓ ખાલી છે. રાજ્યમાં જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજમાં ૮૨૩ અને સરકારી મેડીકલ કોલેજમાં ૬૬૧ જગ્યાઓ ખાલી છે.

- **સંત સરોવર પીકનીક પોઈન્ટ**

કોંગીના અનંતભાઈ પટેલે ગાંધીનગરમાં આવેલ સંત સરોવરને પીકનીક પોઈન્ટ બનાવવાની કાર્યવાહી અંગે ૩૧-૧-૨૩ની સ્થિતિએ પુછતાં પ્રવાસનમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૨૩ની સ્થિતિએ ગાંધીનગર ખાતે આવેલ સંત સરોવર પર પિકનીક પોઈન્ટ બનાવવા સંબંધે જરૂરી જમીન પ્રવાસન વિભાગને મળેલ ન હોઈ કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી.

- **સાબરમતી નદીમાં પ્રદૂષણ**

કોંગીના ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ સાબરમતી નદી પ્રદૂષિત થતી હોવાની ફરિયાદ પછી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે કરેલી કામગીરી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૨૧માં ૬૯ એકમોને કારણદર્શક નોટીસ, ૧૨ ને નોટીસ ઓફ ડાયરેકશન અને ૭ એકમોને ક્લોઝર તથા અન્ય ડાયરેકશન અપાયા છે.

વર્ષ ૨૦૨૨માં ૫૦ એકમને કારણદર્શક નોટીસ, ૩૫ને નોટીસ ઓફ ડાયરેકશન, બે એકમને લીગલ નોટીસ તથા ૧૭ એકમને ક્લોઝર તથા અન્ય ડાયરેકશન આપવામાં આવેલ છે.

- **અને છેલ્લે...**

વિમલ ચુડાસમાએ અમદાવાદ કેન્સર હોસ્પિટલમાં નોંધાયેલ કેન્સરના બાળદર્દી અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે વર્ષ ૨૦૨૧માં ૧૧૪૭ અને વર્ષ ૨૦૨૨માં ૧૪૩૦ બાળદર્દી કેન્સરના નોંધાયા છે.

ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેઓ રવિવારે રાતથી રામલીલા મેદાન પહોંચે તેવી શક્યતા છે. એક ટ્રાફિક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, સામાન્ય જનતા અને વાહનચાલકોને રામલીલા મેદાનની આસપાસના રસ્તાઓ, ખાસ કરીને દિલ્હી ગેટથી અજમેરી ગેટ ચોક સુધીના જેએલએનમાર્ગથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.

રવિવારે તેના નિવેદનમાં, ખેડૂત યુનિયનોના સંગઠન યુનાઈટેડ કિસાન મોરચાએ કહ્યું, "કિસાન મહાપંચાયત લઘુત્તમ સમર્થન કિંમત (એમએસપી) પર કાનૂની ગેરંટી માટે દબાણ કરવા માટે આયોજિત કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના લાખો ખેડૂતો દિલ્હી જઈ રહ્યા છે.

તિરંગો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર પોસ્ટ કર્યો હતો. તેની સાથે તેમણે કેપ્શન પણ લખી હતી કે 'ઝંડા ઊંચા રહે હમારા... ' બ્રિટિશ સરકાર દ્વારા દોષિતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી અપીલ છે.

આ મામલે ભારતમાં બ્રિટિશ હાઈકમિશન એલેક્સ એલિસે ટ્વિટ કરીને ભાગલાવાદીઓની આ હરકતની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું કે હું લંડનમાં ભારતીય હાઈ કમિશનમાં લોકો વિરુદ્ધ પરિસરમાં કરાયેલા શરમજનક કૃત્યની આકરી ટીકા કરું છું. આ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.

અપમાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંત્રાલયએ પુછ્યું કે, કેવી રીતે આટલી સંખ્યામાં પરિસરમાં લોકો અંદર ઘૂસી આવ્યા. તેનો અર્થ એવો થાય છે કે, ત્યાં સુરક્ષાની કોઈ વ્યવસ્થા જ નથી. તેને નજરઅંદાજ કરવામાં આવ્યું. વિદેશ મંત્રાલયે આગળ કહ્યું કે, બ્રિટેનમાં ભારતીય રાજદૂત પરિસરમાં અને કર્મચારીઓની સુરક્ષા પ્રત્યે બ્રિટિશ સરાકરની ઉદાસિનતા ભારતને સ્વીકાર્ય નથી. ભારતમાં બ્રિટનના હાઈ કમિશ્નર એલેક્સ એલિસે આ ઘટનાની આકરી ટીકા કરી છે. તેમણે ટ્વિટ કરી કહ્યું કે, હું લંડન સ્થિત ભારતીય હાઈકમિશન પરિસર અને ત્યાંના લોકો વિરુદ્ધ આજે ઘૃણિત કૃત્યોની ટીકા કરુ છું. આ એકદમથી અસ્વીકાર્ય છે.

ભાવ વધશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ તે દેશની જરૂરિયાત અને ખાનગી ક્ષેત્રની વૃદ્ધિ જેવા પરિબળો પર નિર્ભર રહેશે. કોલ ઈન્ડિયાના વડાએ જણાવ્યું હતું કે કંપનીનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં ભૂગર્ભ કોલસાનું ઉત્પાદન વર્તમાન ૨૫-૩૦ કરોડ ટનથી વધારીને ૧૦૦ કરોડ ટન કરવાનું છે.